CITY PULSE

શુક્રવાર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાતમિત્ર

email: citypulse@gujaratmitra.in

# Holi Hai

## ફુરટીઓની અસ્સલ હોળી

# ઘીસનું આકર્ષણ, 5 દિવસનું શેરી જમણ, રંગપાંચમ સુધી ગુલાલની છોળો

LifeStyle Trends

તહેવાર ઉજવવાની ખરી મજા તો મોજીલા સુરતમાં જ આવે. ઉત્તરાયણ બાદ સુરતીઓ જેની રાહ જોતા હોય છે તે હોળી-ધુળેટીની રંગત આવતા અઠવાડિયે જોવા મળશે. હવે તો રંગોત્સવનું કોમર્શિયલ આયોજન પણ સુરતમાં થાય છે તો મોટી સોસાયટીઓ પણ ઇવેન્ટ પ્લાનરને હાયર કરી રંગોથી ભરાયેલા ધુળેટીના પર્વને હટકે અને મોજીલું બનાવી દે છે. રેઇન ડાન્સ થાય છે મડ પોન્ડ બનાવી મિત્રો, રિલેટિઝ અને પડોશી સાથે તેમાં ઝંપલાવી ઉત્સવની કલરફુલ મજા લેવાય છે. આ તો થઈ મોડર્ન ધૂળેટીની વાતો. હોળી ધૂળેટીનો તહેવાર સુરતમાં આજકાલથી નથી ઉજવાતો પણ જ્યારે તમે સુરતના ઇતિહાસના પાના ખોલશો કે વડીલો પાસેથી સુરતમાં રમાતી અસ્સલ હોળી વિશે જાણશો તો તમારા મોઢામાંથી હોળીમાં “આવું પણ થતું” આ આશ્ચર્યજનક શબ્દો ચોક્કસ નીકળશે. અત્યારે પણ તમે સુરતના જુના વિસ્તારોમાં ફરશો તો હોળી પ્રગટાવવા માટેની લાકડાની ગાંઠોના ઢગલા જોવા મળશે. હોળીનું ખાસ આકર્ષણ એટલે ઘીસ. આ તમામ કુતુહલ જન્માવતી રંગબેરંગી પ્રથાઓ વિશે આપણે ચાલો જાણીએ...





### ઘીસ એટલે હોળીના વરઘોડાનું આકર્ષણ



પ્રબોધભાઈ પાતરાવાળાએ જણાવ્યું કે, 100થી વધુ વર્ષથી હોળીનું મુખ્ય આકર્ષણ ઘીસ રહેતું. જેને હોળીનો વરઘોડો કહેતાં હતા. કોટ વિસ્તારની અલગ અલગ શેરીઓ જેમકે, સૈયદપુરા, રામપરા, ભાગળ, ડબગરવાડ, રુદનાથપુરા, હરિપરા, કાછીયા શેરી, લીંબુ શેરી, પસ્તાગિયા શેરી, પીપળા શેરી, દાળિયા શેરી, ગલેમંડી અહીંથી હોળીનો વરઘોડો નીકળતો. ઢોલ નગારા વગાડતા એક શેરીમાંથી બીજી શેરીમાં જાય તેને જોવા ભીડ થતી. શેરી મોહલ્લાની નગારા વગાડવાની આગવી ઢબ રહેતી જેને ચાલ કે છાપ તરીકે ઓળખતા. નગારા વગાડે એટલે તેનું ચામડું નરમ પડે તો તેને ટાઈટ કરવા મશાલ પાસે રાખી તેને તાપતા એટલે આ ઘીસમાં બે મશાલચી રહેતા. પહેલા તો વરઘોડામાં વરરાજા રહેતો. કોઈપણ એક યુવકને વરરાજા બનાવતા. આ ઘીસની પ્રથા 1974 પછી ભુલાઈ ગઈ હતી તેને ફરી 2000ની સલમા જીવંત કરાઈ હતી. હવે ઘીસમાં વરરાજા નહીં હોય પણ નગારા વાદનનું આકર્ષણ રહે છે. ગયા વર્ષે આપણા સુરતની એક શેરીમાં ઘીસ નીકળી હતી.

### બાળકો દ્વારા નગારા વગાડવાની પ્રથા વિસારે પડી

અત્યારે તો હોળીનો તહેવાર બે દિવસ પૂરતો રહી ગયો છે પણ પહેલાનાં સમયમાં આ તહેવારની ઉજવણી રંગપાંચમ સુધી એટલે કે 5 દિવસ સુધી ચાલતી. શેરીના ચાર રસ્તાને પહેલા ચકલો કહેતા જ્યાં હોળી પ્રગટાવવામાં આવતી. ત્યારે ચકલા પાસે નાના બાળકોનું ટોળું ચામડાના નગારા વગાડતું. અત્યારે ગણેશ ઉત્સવમાં નગારા ખરીદવા ડબગરવાડમાં ભીડ થાય છે પણ પહેલાના સમયમાં હોળી પર્વને લઈને ડબગરવાડમાં નગારા ખરીદવા ભીડ થતી. બાળકો નગારા વગાડે ત્યારે નગારા ફાટે તો તેને ફરી મઢાવવા પણ ડબગરવાડમાં ભીડ થતી. એ સમયે તો હોળીના પંદર દિવસ પહેલાથી નગારા વગાડવાની પ્રેક્ટિસ શરૂ થઈ જતી. હવે તો હોળી પ્રગટે ત્યાં નાના છોકરાઓ દ્વારા નગારા વગાડવાનું ભૂલી જવાયું છે.



### ધૂન અને ઘીમની પ્રથામાં બાળકને ગુલાલ લગાડાય, નગારું આપાય

ખત્રી સમાજના નીતાબેન ઝવેરીએ જણાવ્યું કે, હોળીના દિવસે ધૂનની પ્રથામાં એક, ત્રણ કે પાંચ વર્ષના, મતલબ કે બાળકને બાજઠ પર બેસાડવામાં આવે અને તેને ગુલાલ લગાડવામાં આવે તથા હરડાનો હાર પહેરાવવામાં આવે. સંબંધીઓ પણ ગુલાલ લઈને આવે. મોસાળ પક્ષમાંથી બાળકને નવા કપડા તથા નગારું આપવામાં આવે. આ પ્રથાને લઈને જ હોળી પહેલા નગારું ખરીદવા ડબગરવાડમાં હજી પણ લોકોનો ધસારો હોય. આ ઉપરાંત મામા તરફથી બાળકને સોના કે ચાંદીની વસ્તુ ખાસ કરીને ચાંદીની કંઠી આપવામાં આવે. આ દિવસે ગોત્રેજ પૂજન હોય જેમાં માતાજીને સુંવાળી-વડા અને અન્ય ખાવાની વસ્તુઓનો નૈવેધ ચઢાવવામાં આવે. ધૂળેટી બાદ દસ દિવસ સુધી ઘીમની પ્રથા થતી. તેમાં પણ બાળકને બાજઠ પર બેસાડી ગુલાલ લગાડવામાં આવે. આ પ્રથા હજી જળવાઈ રહી છે.

### ઘરે શ્રીખંડ અને રવા મેંદાની પુરી બનાવવાની પરંપરા પણ ભુલાઈ



હોળી પર્વને લઈને પહેલા સુરતી પરિવારોની મહિલાઓ ઘરે જાતે જ શ્રીખંડ અને રવા મેંદાની પુરી બનાવતી. ત્યારે દૂધની ડેરી પર હોળીના ચાર-પાંચ દિવસ અગાઉ દૂધની અલાયદી વ્યવસ્થા કરાતી. દૂધ ઘરે લાવી દહીં બનાવતું. દહીંને સૂતરના કાપડમાં બાંધી તેમાંથી પછી શ્રીખંડ બનાવાતો. રવા મેંદાની પુરી પણ ઘરે જાતે બનાવી તેની સાથે આ શ્રીખંડ ખાવામાં આવતો. હવે જૂજ પરિવારોએ આ પરંપરા જાળવી રાખી છે બાકી હવે તો શ્રીખંડ અને રવા મેંદાની પુરી પણ દુકાનોમાંથી વેચાતી લાવી ખાવામાં આવે છે.

### કોટ વિસ્તારમાં હજી પણ 5 દિવસ જમણવાર થાય છે



પહેલા હોળી પાંચ દિવસ સુધી પ્રગટતી રહે એટલી લાકડાની ગાંઠ ખરીદવામાં આવતી હતી. એકવાર વડીલોને વિચાર આવ્યો કે આ લાકડાની ગાંઠ એમ જ 5 દિવસ પ્રગટતી રહે છે તો તેનો આપણે સદુપયોગ કરીએ અને પછીથી જમણવારની શરૂઆત થઈ. શેરી મોહલ્લાની બહેનો, પુરુષો સળગતા લાકડાની ગાંઠ પર રસોઈ બનાવતા. એક દિવસ દાળ ઢોકળી, બીજા દિવસે દાળ-ભાત, ત્રીજે દિવસે કઢી ખીચડી બનાવે, શક્કરિયું, બટાકા, કંદ બાફવામાં આવે. શેરીમાં બધા ભેગા થઈ રસોઈની તૈયારીઓ કરે. ઘરેથી પોતાની થાળી-વાડકી લઈ આવે અને ટોળામાં બેસીને જમે. આ પ્રથા હજી પણ કોટ વિસ્તારમાં કેટલીક શેરીઓમાં હજી પણ જળવાયેલી છે. જોકે કેટલી શેરીઓમાં એક કે બે દિવસ તો કેટલીક શેરીઓમાં 5 દિવસ જમણવાર થાય છે.

### મોહલ્લાના છોકરાઓ હોળીનું દોઢીયું માંગતા

સુરતની હોળી વિશે ઇતિહાસના પાના ઉલ્ટાવવામાં આવે તો જાણવા મળે છે કે પહેલાનાં સમયમાં હોળીના દિવસોમાં મોહલ્લાના છોકરાઓ જતા આવતા રાહદારીઓ પાસે ‘હોળીનું દોઢીયું’ માંગી તેને પજવતા. જો આપે તો ઠીક નહીં તો તેને અટકાવતા. હોળી પર ખૂબ ધાંધલ ધમાલ થતી. કોઈવાર લડાઈ પણ જામી પડે. એક ચકલાની હોળીવાળા બીજા ચકલાની હોળી પર હલ્લો લઈ જતાં જોકે, બીજે દિવસે એ વેરઝેર ભૂલી જતાં.

### જરી અને કાપડના કારખાના 5 દિવસ બંધ રહેતા

પહેલાનાં સમયમાં રંગોત્સવ પાંચ દિવસ ચાલતો ત્યારે પાંચ દિવસ લોકો એકબીજાને ગુલાલ લગાડતા. પાંચ દિવસ શેરીઓમાં જમણવાર પણ થતો. જરી અને લૂમ્સના કારખાનામાં કામ કરતા લોકો આ તહેવાર પાંચ દિવસ સુધી મનભરીને માણી શકે એટલા માટે આ કારખાના બંધ રાખવામાં આવતાં. કારખાના પર 5 દિવસ તાળા લટકતા દેખાતા. જ્યારે હવે તો માત્ર ધૂળેટીના દિવસે જ આ કારખાનાઓ બંધ રહે છે. એનું એક કારણ હવે 5 દિવસ ઉજવણી નથી થતી અને હવે આ કારખાનાઓમાં માત્ર સુરતના જ નહીં અન્ય અન્ય શહેરોમાંથી આવેલા લોકો પણ કામ કરે છે.

મજ્જેની LIFE

સુરતીઓ જેટલી મજા ઉત્તરાયણમાં પતંગો ઉડાવવાની લે છે એટલી જ મજા ધૂળેટી પર મિત્રો, રિલેટીઝ અને પાડોશીઓને રંગી નાખવામાં પણ લે છે. આપણા સુરતની રેસિડેન્શિયલ સોસાયટીઓમાં પણ કોમર્શિયલ આયોજનને ટપી જાય અને આંખોને ચકાચોંધ કરી નાંખે તેવા આયોજન કરાતા હોય છે. સુરતીઓએ એવો પણ સમય જોયો છે જ્યારે હોળી પ્રગટાવી તેના બીજા દિવસે ગુલાલ કે પછી ફુલોમાંથી બનાવેલા રંગોથી એકબીજાને રંગતા અને બહુ બહુ તો સોસાયટીમાં ઠંડાઈનું આયોજન થતું. હવે લોકોને તહેવારોમાં અવનવું જોઈતું હોય છે એટલે તહેવારો હવે ટ્રેન્ડી બની ગયા છે. ધૂળેટી હવે સાદાઈથી ઉજવવા કરતા રેઇન ડાન્સ, મડ હોલી, ફુલોંકી હોલીનું આયોજન કરી રંગોથી ભરેલી ધૂળેટીને વધારે કલરફુલ બનાવવામાં આવે છે. ધૂળેટીના આયોજનમાં રેઇન ડાન્સ, સેલ્ફી બુથ, DJ નું આયોજન તો ઘણા સમયથી થાય જ છે સાથે બીજું શું અવનવું સોસાયટીઓમાં આ વર્ષેની ધૂળેટીમાં જોવા મળશે તે આપણે અહીં જાણીએ....



### સોસાયટીમાંથી રાધા કૃષ્ણ બનાવાય, ફૂલોની હોળી રમાય

વેસુમાં સ્થિત 450 ફ્લેટની એક સોસાયટીમાં હોળીનું સેલિબ્રશન બે દિવસ ચાલે છે. આ સોસાયટીના વિનિતા ગોલેછા, ભાગચંદ અગ્રવાલ અને મીરા અગ્રવાલ દ્વારા જણાવવામાં આવ્યું કે, અમારી સોસાયટીમાં હોળીનું સેલિબ્રેશન બે દિવસ સુધી ચાલે છે. સોસાયટીના રહિશોમાંથી રાધા અને કૃષ્ણ બનાવવામાં આવે. કોઈવાર બહારથી પણ રાધા કૃષ્ણ બોલાવવામાં આવે. સોસાયટીના બધા જ લોકો રાધા કૃષ્ણ સાથે ફૂલોની હોળી રમે. સોસાયટીમાં જ શિવ મંદિર છે તેમાં શ્યામબાબા સાથે ફૂલોની હોળી રમાય છે. આ ઉપરાંત રેઈન ડાન્સ, ઓર્ગેનિક કલર અને ફોમથી સોસાયટીમાં હોળી રમવાની મજા લેવાય છે. DJ પણ હોય છે જેની તાલ પર લોકો ડાન્સ કરીને રંગોત્સવ ઉજવે છે. બેન્ડવાજાની સાથે લોકો નાચતા ગાતા શ્યામમંદિર પગપાળા જાય છે. તેમની સોસાયટીમાં હોળી પર ધાર્મિક વાતાવરણ પણ જોવા મળે અને ઓર્ગેનિક કલરથી એકબીજાને રંગીને રંગોત્સવ ઉજવવામાં આવે છે.



### અષ્ટવિનાયકની થીમ પર હોળીનું ડેકોરેશન, મુલતાની માટીનું પોન્ડ

બાલાજી રોડ મોહલ્લાના સંદીપભાઈ બારોટે જણાવ્યું કે, તેમના મોહલ્લામાં હોળીનું ધાર્મિક થીમ જેમકે, 12 જ્યોતિર્લિંગ, વૃંદાવનની થીમ પર ડેકોરેશન અને આયોજન કરાતું હોય છે. આ વખતે અષ્ટવિનાયકની થીમ પર આયોજન થશે. ગણેશજીના 8 સ્વરૂપની મૂર્તિઓ મુકવામાં આવશે અને દરેક સ્વરૂપના ગણેશજીનું મંદિર મહારાષ્ટ્રમાં કઈ કઈ જગ્યાઓ પર છે અને તેના મહત્ત્વની માહિતી દર્શાવવામાં આવશે. દર વર્ષે જે હોળી પ્રગટાવવામાં આવે છે તેમાં હોલિકા અને પ્રહલાદનું ફાયબરનું પૂતળું મુકવામાં આવે છે તથા બેનર થકી પ્રહલાદ અને હોલિકા દહનની આખી કહાની દર્શાવવામાં આવે છે. આ વખતે મડ હોળીનું એટ્રેક્શન રહેશે. કીચડ જે કરાશે તે મુલતાની માટીનું હશે જે ત્વચા માટે સારૂ રહેશે. અને કોઈને ઈજા પણ નહીં થાય.

## હોળી-ધૂળેટીનું અવનવું: અષ્ટવિનાયકની થીમ, ચંગ અને ફૂલોની હોળીનું આકર્ષણ



### ચંગનું આયોજન થશે, સુકાવેલા ફુલોનો પાઉડર બનાવી રંગોત્સવ ઉજવશે

વેસુ સ્થિત એક સોસાયટીના પ્રમુખ જીતુ શર્મા અને મનીષ જગનાની દ્વારા જણાવવામાં આવ્યું કે તેમની સોસાયટીમાં દર વર્ષે હોળીનું સેલિબ્રેશન ધમાકેદાર હોય છે. મહાશિવરાત્રી બાદથી હોળી પ્રગટાવવાના દિવસ સુધી રોજ રાજસ્થાની ચંગનું આયોજન થાય છે. રાજસ્થાની લોકગીતો સાથે રાજસ્થાની નૃત્ય અને હસી મજાક ચાલતા હોય. ચંગ એક વાદ્ય હોય અને ડભલી વગાડી ગીતો ગવાય અને ડાન્સ થાય. રંગોત્સવમાં DJ હોય, રેઈન ડાન્સ થાય. ટેબલ પર હર્બલ કલર્સના ઢગલા કરાય લોકો આ કલર્સથી એકબીજાને રંગે. ગુલાલની છોળો ઉછાળવામાં આવે. આ વખતે પહેલીવાર સુકાવેલા ગુલાબના ફૂલ અને યેલો કલરના સુકાવેલા ગલગોટા ખરીદી લાવી સોસાયટીની મહિલાઓ પોતે તેમાંથી પાઉડર બનાવશે. સુકવેલા ફુલોના બનાવેલા પાઉડરથી આ વખતે હોળી રમાશે.



